सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૩-૦૩-૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૨૩-૦૩-૨૦૨૬ | | |
| ફેસલ થયા તારીખ | ૦૮-૦૪-૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦ | ૦ | ૧૭ |

**સતલાસણાના જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રી ની કોર્ટ, મુ. સતલાસણા, જી. મહેસાણા**

**<u>ક્રિમીનલ કેસ નં. ૯૫/૨૦૨૬</u>**
**<u>આંક : ૬</u>**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** : શ્રીરામ વિરપત ભુજગ મલ્લા
રહે. ધરોઈ, તા. સતલાસણા, જી. મહેસાણા

ગુનો : **ગુજરાત નશાબંધી અધિનયમ-૧૯૪૯ ની કલમ ૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબ**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી |
| બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી બી. બી. પટેલ |

**||| <u>ઠ રા વ</u> |||**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ **તા. ૧૮-૦૩-૨૦૨૬ ના કલાક ૧૭:૪૫** વાગ્યાના મોજે સતલાસણા ગામે ગે.કા. અને વગર પાસ પરમીટનો દારૂ પી, લવરી બકવાટ કરી, લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૬(૧) (બી), ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય જે અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપીના વિ.વ.શ્રી દ્વારા આંક–૫ થી ભારતી નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૨ મુજબ ડિસચાર્જ અરજી રજુ રાખેલ છે. જે સંબંધે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી નાઓને સાંભળ્યા. સદર અરજી મંજુર કરી હાલના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧) અન્વયે ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં જણાવેલ છે.

(૪) આરોપી વિરુઘ્ધ આંક–૩ થી ગુજરાત નશાબંધી ધારાની કલમ –૬૬(૧)(બી) હેઠળ પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૫) આરોપીએ આંક–૪ થી ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, ''અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબમાં કમાણી કરનાર એકમાત્ર વ્યકિત છીએ. અમો બાળ બચાવાળા છીએ. અમારા સંપુર્ણ કુટું બની જવાબદારી અમારી ઉપર છે. અમારી આ પ્રથમ ભુલ છે. તેથી અમો આરોપી ઉપર દયા કરવા આપ નામદાર સાહેબને અમારી નમ્ર અરજ છે.''

(૬) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીનો સમય, ફરીયાદ,પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અં તે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો સમય બચે છે. ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ પ્રથમવારનો ગુન્હો હોવાનું અને ફરી ભવિષ્યમાં આવો ગુન્હો ન કરવાની ખાત્રી આરોપી આપતો હોય ત્યારે

**નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫,જી.એલ.આર. પેજ નં. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ફરી દોહરાવીને તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨), ૯૭૪, પારા ૪ માં એવુ ઠરાવેલ છે કે <u>4</u>' *Learned A.P.P., however, objected to any reduction of sentence on the basis that it may become a precedent in other cases where the accused persons may have been similarly sentenced and those cases may still be pending. It, however, could not be contended that the extenuating circumstances relied upon by the applicant were not true or relevant. It also could not be disputed that learned Additional Sessions Judge has not considered in the impugned judgment any of the extenuating circumstances now canvassed before this Court.*** "In view of the latter Division Bench Judgment of this Court in *State of Gujarat V.Natwar Harchandji Thakor, 2005(1)GLR 709* and the subsequent amendment dispensing with the requirement of recording <u>special</u> and <u>adequate reasons</u> for not imposing sentence of minimum imprisonment of three months, the order of sentence is required to be modified in the interest of justice."

આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે અદાલત ખાસ અને પુરતા કારણો ધ્યાને લઈ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપીએ જે કારણો જણાવેલ છે તે આ અદાલતના નમ્રપણે માનવા મુજબ સજા ઓછી કરવા માટે પુરતા છે. આથી, ન્યાયના હીતમાં, આરોપીએ સ્વેચ્છાપુર્વક કરેલ ગુન્હાની કબુલાત અંગે આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂ.૨૫૦/–(અંકે રૂપિયા બસો પચાસ પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૮૫ (૧) અન્વયે ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા–૨૦૨૩ ની કલમ ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ ૦૮ મી, માહે એપ્રીલ સને ૨૦૨૬** ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તથા કોર્ટનો સીકકો કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળ : સતલાસણા  
તા. ૦૮–૦૪–૨૦૨૬

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**  
યુનિક જજ કોડ નં. જીજે૦૧૬૧૩  
જયુડી.મેજી. ફ.ક.સતલાસણા